IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ગુજરાતી ટૂંકીવાર્તાની આજકાલ : એક વિહંગાવલોકન

Radha Joshi
PhD scholar
University of Delhi

Keyword: Short stories, Gujarati stories, modernism, post-modernism, feminism,

ABSTRACT
This is an article on contemporary Gujarati short stories, its transformation, ideologies, subjects, themes, women writers and postmodernism. Particularly, the stories written in 90s and new millennium.

નવમા અને દસમા દાયકા પછી અનુઆધુનિક વલણો અને પ્રવાહો આકાર લઈ રહ્યા છે. એમાં એક નોંધપાત્ર વલણ તે તળપદા લોકજીવનની યથાર્થતાને મૂર્ત કરવાનું છે. એમાં તળપદી બોલીનો સર્જનાત્મક પ્રયોગ કરવાનું વ્યાપક વલણ દેખા દે છે. પ્રતીકવિધાન, દંતકથા, પુરાણકથાના અંશોનો વિનિયોગ, લોકસંસ્કૃતિના કર્મકાંડ જેવા તત્ત્વોને પણ તેમાં ગયાં છે. સપાટી પર રહી જતી કૌટુંબિક ઘટનાની વાર્તાઓ કે મનોવૈજ્ઞાનિક ઘટનાઓ નિરૂપતી વાર્તાઓ પણ સંતોષ આપે તેવી નથી. વતનપ્રેમ, કુટુંબપ્રેમ, ગ્રામજીવન, લોકબોલી આદિનો અતિરેક અને સપાટ આલેખનો જ જોવા મળે છે. આજની વાર્તા અંગે હિમાંશી શેલત કહે છે કે : 'આજની વાર્તા સમકાલીન અવદશા સાથે આંખમાં આંખ મેળવી શકી નથી તો વળી આજની વાર્તા અંગે વાત કરતાં શિરિષ પંચાલ નોંધે છે કે:'આપણી વાર્તા જીવનનાં પર્યાપ્ત સંદર્ભોને બહુ હાથ ધરતી નથી.' – આ બન્ને વિવેચકોની વાત ઘણી સાચી છે. આપણને વહેરી નાખે, શારી નાખે એવી સમસ્યાઓ કે રાજકારણના દાવપેચો, વધતી જતી અંધશ્રદ્ધા અને ક્રિયાકાંડો, લગ્નજેવા સામાજિક પ્રસંગોએ વૈભવનું થતું વરવું પ્રદર્શન, ખોટી મોટાઈ - કઈ કેટલાય પડકારરૂપ વિષયોને આજનો વાર્તાકાર ટાળી રહ્યો છે એમ લાગે છે. ઉત્તમ વાર્તાઓ મળે છે પણ ઘણી ઓછી મળે છે. છેલ્લાં વર્ષોમાં દલિત સંવેદના અને ગ્રામચેતનાને પ્રગટ કરતી ઉત્તમ વાર્તાઓ ઘણી ઓછી મળી છે. વાર્તાકારે સાંપ્રતની અભિજ્ઞતાથી સમગ્ર વિશ્વની સંવેદના સાથે તાલ મિલાવવો પડશે. ફરીથી નવા નવા પડકારો ઝીલવા વાર્તાકારોએ સજ્જ થવું જોઈએ. ટૂંકમાં આજની ટૂંકીવાર્તાના ધોરણો એક પ્રકારની હતાશા જન્માવે છે.

ગુજરાતી ટૂંકીવાર્તાના છેલ્લાં પચાસ વર્ષોમાં ગુજરાતી ટૂંકીવાર્તા બે સ્થિત્યંતરોમાંથી પસાર થઈ, આધુનિક અને અનુઆધુનિક -આ બન્ને સમયગાળામાં આપણને ઉત્તમની ઉપલબ્ધિ થઈ છે. આધુનિક સર્જકે કૃતિની અંદર જ તેનું આવગું વાસ્તવ સિદ્ધ કર્યું છે. ઘટનાઓને ઓગાળીને વાર્તાની રૂપરચના પ્રતિ તેમણે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કપોળકલ્પના, આંતરચેતના પ્રવાહ, અસંગતિ આદિ તત્ત્વો દ્વારા અવનવા પ્રયોગો કરીને કલાત્મક વાર્તાઓ આપી છે. રૂપરચના સાથે મનુષ્યનાં આંતરજગતને પણ પ્રગટ કર્યું છે. આ વાર્તાકારોની રૂપ ખેવનાએ વાર્તાનો સમાજ સાથેનો સંબંધ કાપી નાખ્યો અને અતિપ્રયોગો નિરસ થયા ત્યારે અનુઆધુનિક વાર્તાકારોએ સમાજને સ્વીકારીને વાર્તાના કળારૂપને નિખાર્યું, અને વાર્તા બહુઆયામી બની. આમ સમયે સમયે ગુજરાતી ટૂંકીવાર્તાનો ચહેરો પરિવર્તન પામતો રહ્યો છે. આવા વાર્તા વળાંકો વાર્તાને જીવંત રાખવામાં સફળ રહ્યા છે. વાર્તામાં જયારે જયારે ગતાનુગતિકતા આવી છે ત્યારે ત્યારે નવાં વલણો અપનાવાયા છે. આથી જ કહી શકાય કે સાંપ્રત વાર્તાકારો પણ એમના પુરુષાર્થ દ્વારા ટૂંકીવાર્તાને અનુપ્રાણિત કરશે. એટલે કે ગુજરાતી ટૂંકીવાર્તા સતત વિકસતી રહી છે અને વિકસતી રહેશે.

ટૂંકીવાર્તાના બદલાતા ચહેરા, બદલાતી તાસીર સાથે પોતાની વાર્તાને નવ કલેવરમાં ઢાળીને સાંપ્રત પ્રવાહોને અનુસરીને અથવા તો કવચિત્ સાંપ્રત પ્રવાહોને પડકારી ગુજરાતી ટૂંકીવાર્તા સાહિત્યમાં પોતાનું યોગદાન આપનારા કચ્છ પ્રદેશનાં વાર્તાકારોનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. બકુલેશ, જયંત ખત્રી, સુકાની જેવા સર્જકોથી આરંભાયેલી કચ્છ પ્રદેશનાં વાર્તાકારોની ટૂંકીવાર્તા વનુ પાંધી, મનુ પાંધી, વીનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા અને માવજી મહેશ્વરી સુધી વિસ્તરીને ઠરીઠામ થઈ છે. રાજેશ અંતાણી, હરેશ ધોળકિયા અને અન્ય નવોદિત સર્જકોનાં હાથે ખેડાતી રહી છે.

ગ્રામચેતના એ અનુઆધુનિક વાર્તાઓનો મહત્ત્વનો વિષય છે. ઔદ્યોગિક ક્રાંતિ દર્શાવતું શહેર વિલાયતી દવાઓ, હાઇબ્રીડ બિયારણો, ટ્રેક્ટરો ને થ્રેસરના રૂપે ખેતીનું વ્યાપારીકરણ થયું. વળી, માનમર્યાદા, મોભાના જૂના ખ્યાલોમાં ખુરશી, પદ, સત્તા ને ચૂંટણીઓના કાવાદાવા ઉમેરાતાં ગ્રામજીવનનાં સમીકરણો જ બદલાઈ ગયાં. પરંપરાગત વાર્તાઓમાં આવતું વર્ણગત ને જાતિગત શોષણ યંત્રયુગીન જમાનામાં બહુમુખી બન્યું. આ વલણોને ઝીલનાર ટૂંકીવાર્તાઓમાં બિપિન પટેલની 'વોશિંગ

મશીન', મણિલાલ હ. પટેલની ‘વરાપ’, મોહન પરમારની 'વેઠિયા', રમેશ દવેની ‘શબવત્’, દલપત ચૌહાણની ‘મૂંઝારો’, યોગેશ જોશીની ‘ટાઢ’, પુરુરાજની ‘ઘરવટો' અને હિમાંશી શેલતની ‘દાહ’ જેવી વાર્તાઓનો સમાવેશ કરી શકાય.
ઓગણીસમા શતકના ઉત્તરાર્ધથી માંડીને એકવીસમાં શતકના દોઢ દાયકા સુધીમાં રચાયેલી વાર્તાઓમાં તેમના સર્જકોની સિદ્ધિ-મર્યાદાઓ અને વિશેષતાઓને લક્ષમાં લેતાં જણાય છે કે નવલકથાની તુલનામાં ટૂંકીવાર્તામાં અનેક સ્થિત્યંતરો આવ્યા છે અને ટૂંકીવાર્તાની વિકાસયાત્રામાં વિવિધ તબક્કે ઘણાં પરિવર્તનો આવ્યાં છે. વિષયવસ્તુને અનુરૂપ ચરિત્રચિત્રણ, સ્પર્શક્ષમ પરિવેશનિર્માણ, અવનવા રચનારીતિના પ્રયોગો કરીને ટૂંકીવાર્તાના સ્વરૂપને કળાની ભૂમિકાએ સિદ્ધ કરવાની આજના વાર્તાકારોની મથામણ જોતાં અવશ્ય કહી શકાય કે ગુજરાતી ટૂંકીવાર્તાની આવતીકાલ ઊજળી છે. ભારતની અન્ય ભાષાઓની તુલનામાં ગુજરાતી ભાષાનું વાર્તાસાહિત્ય ગૌરવ લઈ શકાય તેવું સમૃદ્ધ છે. એ સાહિત્યિક ઘટના આનંદપ્રદ અને ગૌરવપ્રદ છે.

એકવીસમી સદીમાં ગુજરાતી વાર્તા રૂપરંગ બદલે છે. વીતેલી સદીના છેલ્લા દાયકાના વાર્તાકારો તો વાર્તાલેખનમાં પ્રવૃત્ત જ છે તો અન્ય નવા વાર્તાકારો પણ આવ્યા છે. કિરીટ દૂધાત, પરેશ નાયક, , રાજેન્દ્ર પટેલ, દીના પંડ્યા, પ્રફુલ્લ રાવલ, પૂજા તત્સત્, સંજય ચૌહાણ, સતીશ વૈષ્ણવ વગેરે લેખકો દ્વારા ગુજરાતી વાર્તા જુદીજુદી રીતિએ લખાતી રહી છે.